Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

–: કાર્યવાહી :–

એકેડેમિક કાઉન્સિલની સભા શુક્રવાર, તા.૦૭/૦૭/૨૦૨૩નાં રોજ બપોરે ૩ : ૦૦ કલાકે ઓફલાઈન/ઓનલાઈન રૂમ નંબર–૧૦૧૫૯, સભાખંડ, વહીવટી ભવન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે મળી હતી. જેમાં ઓફલાઈન/ઓનલાઈન ઉપસ્થિત સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

ક્રમ નં.	**સભ્યશ્રીઓના નામ**	**હાજરી**
(૧)	ડૉ. કિશોરસિંહ એન.ચાવડા **(માનનીય કુલપતિશ્રી)**	હાજર
(૨)	ડૉ. ઈશ્વરભાઈ એમ.પટેલ	હાજર
(૩)	ડૉ. કપિલા મનોજ	હાજર
(૪)	ડૉ. પત્રલેખા એ.બારડ	ગેરહાજર
(૫)	ડૉ. સ્નેહલકુમાર એચ. મિસ્ત્રી	ઓનલાઈન હાજર
(૬)	ડૉ. દિનેશકુમાર પી. ચૌધરી	હાજર
(૭)	ડૉ. વિપુલ આર. શાસ્ત્રી	હાજર
(૮)	ડૉ. સ્નેહલ કિરણભાઈ જોષી	ઓનલાઈન હાજર
(૯)	ડૉ. રાજેશ મહેતા	હાજર
(૧૦)	ડૉ. આનંદકુમાર વાય. ભટ્ટ	ગેરહાજર
(૧૧)	ડૉ. વિમલ એ. પંડયા	ઓનલાઈન હાજર
(૧૨)	ડૉ. જયદીપ ચૌધરી	હાજર
(૧૩)	ડૉ. મહેન્દ્ર ચૌહાણ	ગેરહાજર
(૧૪)	ડૉ. દિપકભાઈ ભોયે	હાજર
(૧૫)	ડૉ. ગિરીશકુમાર એન.રાણા	ઓનલાઈન હાજર
(૧૬)	ડૉ. રૂસ્તમ ડી. મોરેના	હાજર
(૧૭)	ડૉ. કશ્યપ પી.ખરચિયા	ગેરહાજર
(૧૮)	ડૉ. ટી. જી. ગોહિલ	ઓનલાઈન હાજર
(૧૯)	ડૉ. પારૂલબેન વડગામા	ગેરહાજર
(૨૦)	ડૉ. નિમેષભાઈ માલી	હાજર

૧. એકેડેમિક કાઉન્સિલ તા.૨૩/૦૬/૨૦૨૩ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલ તા.૨૩/૦૬/૨૦૨૩ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવામાં આવે છે.**

૨. NEP 2020 અંતર્ગત શૈક્ષણિકવર્ષ : ૨૦૨૩–૨૪ થીઅમલમાં આવનાર નીચે મુજબના નવા અભ્યાસક્રમોની પદવીઓને સ્ટેચ્યુટ–૨૨૯ માં આમેજ કરવા વિચારણા કરવા બાબત.

<u>સ્ટેચ્યુટ–૨૨૯</u>

8. Faculty of Commerce

Bachelor of Commerce (Professional)	**B.Com. (Prof.)**
Bachelor of Commerce (Professional)(Honours)	**B.Com. (Prof.)(Hons.)**
Bachelor of Commerce (Professional)(Honours with Research)	**B.Com. (Prof.) (Hons.) (Research)**
Bachelor of Commerce (Data Science)	**B.Com. (Data Sci.)**
Bachelor of Commerce (Data Science)(Honours)	**B.Com.(Data Sci.) (Honours)**
Bachelor of Commerce (Data Science)(Honours with Research)	**B.Com.(Data Sci.) (Hons.) (Research)**
Bachelor of Commerce (Financial Technology)	**B.Com. (Fin.Tech.)**
Bachelor of Commerce (Financial Technology)(Honours)	**B.Com.(Fin.Tech.) (Honours)**
Bachelor of Commerce (Financial Technology)(Honours with Research)	**B.Com.(Fin.Tech.)(Hons.) (Research)**
Bachelor of Commerce (E-Commerce)	**B.Com. (E-Comm.)**
Bachelor of Commerce (E-Commerce) (Honours)	**B.Com. (E-Comm.) (Honours)**
Bachelor of Commerce (E-Commerce)	**B.Com. (E-Comm.) (Hons.) (Research)**

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, NEP 2020 અંતર્ગત શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર ઉપરોકત મુજબના નવા અભ્યાસક્રમોની પદવીઓને સ્ટેચ્યુટ–૨૨૯ માં આમેજ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૩. યુનિવર્સિટી પરીસર ખાતેના ઈન્ટિરિયર ડિઝાઈન વિભાગના કો–ઓર્ડિનેટરશ્રીના તા. ૧૬–૦૬–૨૦૨૩ના પત્રાંકઃ B.I.D/P.G/2023-24/002થી વિભાગ ખાતે " **INTRODUCATION TO GRAPHIC DESIGN** "નો સર્ટિફિકેટ કોર્ષ નીચેની વિગતે વર્ષઃ૨૦૨૩–૨૦૨૪થી શરૂ કરવા મંજૂરી આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

Name of Certificate course	Credit	Course duration	Intake	Fees
" INTRODUCATION TO GRAPHIC DESIGN "	3	46 Hours	40	Rs. 6500/-

(અનુસ્નાતકવિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત વિભાગીય વડાશ્રી મારફત સુધારા સાથે રજૂ કરવી.**

૪. જે. ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ,અમરોલી, સુરતમા નીચે મુજબના સર્ટીફિકેટ કોર્સ શરૂ કરવામાટે SOP મુજબકરેલ દરખાસ્તપરવિચારણાકરવાબાબત.

College Name	Course Name	Type of Course	Credit	Time	Intake	Fees
J. Z. Shah Arts & H. P. Desai Commerce College, Amroli-Surat.	Certificate Course on Tally Accounting with GST (CCTAG)	SEC	2	30 Hours	1200	1500/-

(જોડાણવિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જે. ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીને ઉપરોકત મુજબનો સર્ટીફીકેટ કોર્સ શરૂ કરવા ઓર્ડિનન્સ–188 નું પરિપાલન કરવાની શરતે મંજૂરી આપવામાં આવે છે.**

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત અભ્યાસક્રમમાં ઈન્ટેક/બેચ સાઈઝ ઓર્ડિનન્સ–188 અનુસાર રાખવાની રહેશે.

૫. અંબાબા કોમર્સ કોલેજ,મણીબા ઈન્સ્ટીટયુટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ એન્ડ દેવીબા ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, સાબરગામ, સુરતનાં નીચે મુજબના સર્ટીફિકેટ કોર્સ શરૂ કરવા માટે SOP મુજબ કરેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

College Name	Course Name	Type of Course	Credit	Time	Intake	Fees
Ambaba Commerce College, Maniba Institute of Business Management &Deviba Institute of Computer Application	Certificate Course on Struggle and Success of Entrepreneurs	SEC	3	45 Hours	300	300/-

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અંબાબા કોમર્સ કોલેજ,મણીબા ઈન્સ્ટીટયુટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ એન્ડ દેવીબા ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, સાબરગામ, સુરતને ઉપરોકત મુજબના સર્ટીફીકેટ કોર્સ માટે કોર્સનું નામ સુધારા સાથે પુનઃ રજૂ કરવા જણાવવું.**

૬. અંબાબા કોમર્સ કોલેજ,મણીબા ઈન્સ્ટીટયુટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ એન્ડ દેવીબા ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, સાબરગામ, સુરતનાં નીચે મુજબના સર્ટીફિકેટ કોર્સ શરૂ કરવા માટે કફ. મુજબ કરેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

College Name	Course Name	Type of Course	Credit	Time	Intake	Fees
Ambaba Commerce College, Maniba Institute of Business Management &Deviba Institute of Computer Application	Certificate Course on Musical Learning Instrument of Guitar	SEC	3	45 Hours	300	600/-

(જોડાણવિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** ડી. આર. પટેલ એન્ડ આર. બી. પટેલ કોમર્સ કોલેજ એન્ડ ભાનીબેન છીમકાભાઈ પટેલ બી.બી.એ. કોલેજ, સુરતને **ઉપરોકત મુજબના સર્ટીફીકેટ કોર્સ માટે કોર્સનું નામ સુધારા સાથે પુનઃ રજૂ કરવા જણાવવું.**

૭. યુનિવર્સિટી કાર્યાલયને તમામ લો કોલેજનાં વિદ્યાર્થીની મળેલ અરજી અંગે અવલોકન સાર્થે સાદર.(આ સાથે અરજી સામેલ છે)

યુનિવર્સિટી કાર્યાલયનાં પરિપત્ર ક્રમાંકઃ પરીક્ષા/સાયન્સ/૧૩૮૧૮/૨૦૨૨,તા.૧૬/૦૬/૨૦૨૨ મુજબ એકેડેમીક કાઉન્સિલ તા.૧૦/૦૮/૨૦૨૧નાં ઠરાવ નં-૫માં ઠરાવ્યામુજબનાં પ્રત્યેક સેમેસ્ટરમાં માત્ર પાસ કે નાપાસનું પરિણામ આપવું, એ.ટી.કે.ટી શબ્દનો ઉપયોગ કરવો નહિ. સેમેસ્ટર-૩માં પ્રવેશ માટે વિદ્યાર્થી સેમેસ્ટર-૧ તથા સેમેસ્ટર-૨ બંનેમાં નાપાસ હોય તો પણ વિદ્યાર્થીને સેમેસ્ટર-૩માં પ્રવેશ આપવાનો રહેશ. તેવીજ રીતે સેમેસ્ટર-૫માં પ્રવેશ માટે વિદ્યાર્થી સેમેસ્ટર-૧ તથા સેમેસ્ટર-૨ બંને પાસ હોય તો જે મુજબની કેરીફોરવર્ડની સિસ્ટમનો અમલ કરવો. તો લો વિદ્યાશાખામાં સદર પરિપત્રનો અમલ કરવો કે કેમ ? તે અંગેની ચર્ચા વિચારણા.

(પરીક્ષા વિભાગ/ કાનૂન)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** યુનિવર્સિટી કાર્યાલયનાં પરિપત્ર ક્રમાંકઃ પરીક્ષા/સાયન્સ/ ૧૩૮૧૮/૨૦૨૨,તા.૧૬/૦૬/૨૦૨૨ મુજબ એકેડેમીક કાઉન્સિલ તા.૧૦/૦૮/૨૦૨૧નાં ઠરાવ નં-૫માં ઠરાવ્યામુજબનાં પ્રત્યેક સેમેસ્ટરમાં માત્ર પાસ કે નાપાસનું પરિણામ આપવું, એ.ટી.કે.ટી શબ્દનો ઉપયોગ કરવો નહિ. સેમેસ્ટર-૩માં પ્રવેશ માટે વિદ્યાર્થી સેમેસ્ટર-૧ તથા સેમેસ્ટર-૨ બંનેમાં નાપાસ હોય તો પણ વિદ્યાર્થીને સેમેસ્ટર-૩માં પ્રવેશ આપવાનો રહેશ. તેવીજ રીતે સેમેસ્ટર-૫માં પ્રવેશ માટે વિદ્યાર્થી સેમેસ્ટર-૧ તથા સેમેસ્ટર-૨ બંને પાસ હોય તો જે મુજબની કેરીફોરવર્ડની સિસ્ટમનો અમલ **કરવા અંગેનો પરિપત્રનો અમલ** લો વિદ્યાશાખામાં **કરવો.**

૮. ગુજરાત રાજય,શિક્ષણ વિભાગ દ્વારા ઠરાવ ક્રમાંક : પરચ–૨૦૧૮/૬૧/ખ–૧ અન્વયે શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી યુનિવર્સિટી માટે મેડીકલ અને ફાર્મસી સિવાયના અભ્યાસક્રમ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટેનું કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કરેલ છે, જે મુજબ જે તે વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ તૈયાર કરેલ અને એકેડેમિક કાઉન્સિલની તા. ૦૭/૦૬/૨૦૨૩ ની સભામાં મંજૂર થયેલઅને પરિપત્રિત કરેલ એકેડેમિક કેલેન્ડરમાં ઉનાળુ વેકેશન **૪૬ દિવસોનું** છે, આથી એકેડેમિક કાઉન્સિલની તા. ૨૯/૦૫/૨૦૨૩ ની સભાના નીચેના ઠરાવમાં ચર્ચા વિચારણા કરવા બાબત.

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૨૯/૦૫/૨૦૨૩ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૧૮</u>

:: શૈક્ષિણ મહાસંઘની રજૂઆતને ધ્યાને લઈ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન ઉનાળુ વેકેશન ચાર દિવસની પૂર્તતા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ ના **<u>પ્રથમ સત્રમાં બે દિવસ તથા દ્વિતીય સત્રમાં બે દિવસ</u>** મળવાપાત્ર રજાઓ ઉપરાંત વધારાની ખાસ આકસ્મિક રજા મળવાપાત્ર રહેશે. તથા સદર રજાઓ જે તે સત્રમાં વાપરવાની રહેશે. તથા સદર રજાઓનું રોકડમાં રૂપાંતર થઈ શકશે નહિ તથા કેરીફોરવર્ડ થઈ શકશે નહી. સદર બાબતની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

નોંધ :– ૧) ઉનાળુ વેકેશન ૪૯ દિવસનું હોય બાકીના ૩ દિવસની સ્પેશીયલ રજા બાબતે વિચારવાનું થાય.

૨) ખૂટતી રજા બાબતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૧–૨૨ ના પરિપત્રો આ સાથે સામેલ છે.

(બિડાણઃ૬)

(એકેડેમિકવિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન ઉનાળુ વેકેશન ત્રણ દિવસની પૂર્તતા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન કુલ મળીને ૩ (ત્રણ) મળવાપાત્ર રજાઓ ઉપરાંત વધારાની ખાસ આકસ્મિક રજા મળવાપાત્ર રહેશે. તથા સદર રજાઓનું રોકડમાં રૂપાંતર થઈ શકશે નહિ તથા કેરીફોરવર્ડ થઈ શકશે નહી. સદર સુધારા બાબતની જાણ સિન્ડિકેટને કરવી.

૯. (માન.કુલપતિશ્રીનાં લીધેલ પગલાની નોંધ)

હાલ લેવાય રહેલ પૂરક પરીક્ષા જૂન/જુલાઈ/ઓગસ્ટ-૨૦૨૩ ના મૂલ્યાંકન ઓફલાઇન કરાવવું અને યુ.જી. કક્ષાએ સેમેસ્ટર-૬ અને પી.જી. કક્ષાએ સેમેસ્ટર-૪નું, તેમજ ટી.વાય એક્ષટર્નલ તેમજ પી.જી એક્ષટર્નલ પાર્ટ-૨ નું મધ્યસ્થ મૂલ્યાંકન કરાવવું તથા અન્ય તમામનું કોલેજ કક્ષાએ આચાર્યશ્રી રાહબરી હેઠળ મૂલ્યાંકન કરાવવું તથા રી-એસેસમેન્ટ ઓનલાઇન કરાવવા અંગે મા. કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

(પરીક્ષાવિભાગ/ એસીડીસી.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીએ લીધેલ ઉપરોકત પગલાની નોંધ લેવામાં આવે છે.

૧૦. શૈક્ષણિકવર્ષ ૨૦૨૩–૨૪ ની ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાની યુનિવર્સિટી કાર્યલયના તા. ૧૨/૦૬/૨૦૨૩ ના પરિપત્ર ક્રમાંક : એકે./સત્રવ્યવસ્થા/૧૩૯૬૭/૨૦૨૩ થી પરિપત્રિત કરેલ સત્ર વ્યવસ્થામાં ક્રમાંક : ૯ યુનિવર્સિટી પરીક્ષાઓની તારીખમાં ફેરફાર કરેલ હોય સુધારેલ સત્રવ્યવસ્થા મંજૂર કરેલ છે, જે એકેડેમિક કાઉન્સિલમાં જાણ અર્થે નોંધ લેવા બાબત.

(પરીક્ષાવિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતની નોંધ લેવામાં આવે છે.

૧૧. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર M.Sc. Mathematics Sem.-1 & 2 ના Skill Based Elective Course ના Mathematics for Competitive Examinations અને Vedic Mathematics ના અભ્યાસક્રમ અંગે ચર્ચા વિચારણા કરતા ગણિતશાસ્ત્ર વિષયની અભ્યાસ સમિતિની તા.૨૮/૦૬/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૪ અન્વયે, નીચે મુજબ કરેલ ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ વિજ્ઞાન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિજ્ઞાન વિદ્યાશાખા વતી મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>ગણિતશાસ્ત્ર વિષયની અભ્યાસ સમિતિની તા.૨૮/૦૬/૨૦૨૩ની સભાનાં ભલામણ ક્રમાંકઃ૪</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર M.Sc. Mathematics Sem.-1&2 ના Skill Based Elective Course ના Mathematics for Competitive Examinations અને Vedic Mathematics નો સુધારેલ અભ્યાસક્રમ મંજૂર કરવા વિજ્ઞાન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર M.Sc. Mathematics Sem.-1 & 2 ના Skill Based Elective Course ના Mathematics for Competitive Examinations અને Vedic Mathematics ના અભ્યાસક્રમ અંગે ગણિતશાસ્ત્ર વિષયની અભ્યાસ સમિતિની તા.૨૮/૦૬/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૪ અન્વયે કરેલ ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ વિજ્ઞાન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિજ્ઞાન વિદ્યાશાખા વતી મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.**

૧૨. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર M.Sc. Mathematics Sem.-3 & 4 નો પેટા સમિતિ દ્વારા તૈયાર કરેલ અભ્યાસક્રમ અંગે ચર્ચા કરતા ગણિતશાસ્ત્ર વિષયની અભ્યાસ સમિતિની તા.૨૮/૦૬/૨૦૨૩ ની સભાનાં ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે, નીચે મુજબ કરેલ ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ વિજ્ઞાન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિજ્ઞાન વિદ્યાશાખા વતી મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>ગણિતશાસ્ત્ર વિષયની અભ્યાસ સમિતિની તા.૧૩/૦૩/૨૦૨૩ની સભાનાં ભલામણ ક્રમાંકઃ૨</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે,શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર M.Sc. Mathematics Sem.- 3 & 4 નો પેટાસમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલ અભ્યાસક્રમ જરૂરી સુધારા વધારા સાથે સર્વાનુમતે મંજૂર કરી તે મંજૂર કરવા વિજ્ઞાન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર M.Sc. Mathematics Sem.-3 & 4 નો પેટા સમિતિ દ્વારા તૈયાર કરેલ અભ્યાસક્રમ અંગે ગણિતશાસ્ત્ર વિષયની અભ્યાસ સમિતિની તા.૨૮/૦૬/૨૦૨૩ ની સભાનાં ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે કરેલ ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ વિજ્ઞાન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિજ્ઞાન વિદ્યાશાખા વતી મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી M.Sc. Mathematics Sem.-3 & 4 નો અભ્યાસક્રમ મંજૂર કરવામાં આવે છે.**

૧૩. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર M.Sc.(CA) (Two Year) Program ના Sem.1 & 2 નો અભ્યાસ સમિતિ દ્વારા નિયુકત પેટા સમિતિ દ્વારા તૈયાર કરેલ સ્ટ્રકચર અને અભ્યાસક્રમ કોમ્પ્યુટર સાયન્સ વિષયની અભ્યાસ સમિતિના ચેરમેનશ્રીએ અભ્યાસ સમિતિ વતી અને કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખા વતી કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર M.Sc.(CA) (Two Year) Program ના Sem.1 & 2 નો અભ્યાસ સમિતિ દ્વારા નિયુકત પેટા સમિતિ દ્વારા તૈયાર કરેલ સ્ટ્રકચર અને અભ્યાસક્રમ કોમ્પ્યુટર સાયન્સ વિષયની અભ્યાસ સમિતિના ચેરમેનશ્રીએ અભ્યાસ સમિતિ વતી અને કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખા વતી કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી M.Sc.(CA) (Two Year) Program ના Sem.1 & 2 નું સ્ટ્રકચર અને અભ્યાસક્રમ સુધારા–વધારા સાથે મંજૂર કરવામાં આવે છે.**

(પરિશિષ્ટ)

૧૪. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર MSW (SF) Programme ના સેમેસ્ટર–૧ અને ૩ નો અભ્યાસક્રમ MSW (SF) Programme ની નિયુકત એડહોક વિષયની અભ્યાસ સમિતિના કન્વીનરશ્રીએ બોર્ડવતી અને વિનયન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખાવતી વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર MSW (SF) Programme ના સેમેસ્ટર–૧ અને ૩ નો અભ્યાસક્રમ MSW (SF) Programme ની નિયુકત એડહોક વિષયની અભ્યાસ સમિતિના કન્વીનરશ્રીએ બોર્ડવતી અને વિનયન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખા વતી વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી MSW (SF) Programme ના સેમેસ્ટર–૧ અને ૩ નો અભ્યાસક્રમ મંજૂર કરવામાં આવે છે.**

૧૫. B.Sc. Medical Laboratory Technology વિષયના Sem.-7 & 8 ના Minor Course ના Structure અને અભ્યાસક્રમ અંગે ચર્ચા વિચારણા કરતા મેડિકલ ટેકનોલોજી વિષયની અભ્યાસ સમિતિના ચેરમેનશ્રીએ બોર્ડ વતી અને વિજ્ઞાન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિજ્ઞાન વિદ્યાશાખા વતી વિજ્ઞાન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર B.Sc. Medical Laboratory Technology વિષયના Sem.-7 & 8 ના Minor Course ના Structure અને અભ્યાસક્રમ અંગે મેડિકલ ટેકનોલોજી વિષયની અભ્યાસ સમિતિના ચેરમેનશ્રીએ બોર્ડ વતી અને વિજ્ઞાન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિજ્ઞાન વિદ્યાશાખા વતી વિજ્ઞાન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી B.Sc. Medical Laboratory Technology વિષયના Sem.-7 & 8 ના Minor Course ના Structure અને અભ્યાસક્રમ મંજૂર કરવામાં આવે છે.**

૧૬. **જૂન / જુલાઈ : 2023માં લેવામાં આવનાર** B.Sc અને M.Sc ની પૂરક પરીક્ષા બાબતે સાયન્સ ફેકલ્ટીના ડિનશ્રીની મૌખિક સૂચના અનુસાર જણાવવામાં આવેલ છે કે, હાલમાં જે વિધ્યાર્થીઓ પ્રાયોગિક પરીક્ષા માટે ફોર્મ ભર્યા હોય તેની પરીક્ષા રેગ્યુલર વિધ્યાર્થીઓ સાથે એટલે કે આગામી સપ્ટેમ્બર/ઓક્ટોબર: 2023ની પરીક્ષા સાથે લેવી તેમ જણાવવામાં આવેલ છે. **જે અંગે વિચારણા કરવા બાબત.**

(પરીક્ષા વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જૂન / જુલાઈ : 2023માં લેવામાં આવનાર B.Sc અને M.Sc ની પૂરક પરીક્ષા બાબતે સાયન્સ ફેકલ્ટીના ડિનશ્રીની મૌખિક સૂચના અનુસાર જણાવવામાં આવેલ છે કે, હાલમાં જે વિધ્યાર્થીઓ પ્રાયોગિક પરીક્ષા માટે ફોર્મ ભર્યા હોય તેની પરીક્ષા રેગ્યુલર વિધ્યાર્થીઓ સાથે એટલે કે આગામી સપ્ટેમ્બર/ઓક્ટોબર: 2023ની પરીક્ષા સાથે લેવી.**

૧૭. **સાયન્સ** ફેકલ્ટીના **કેમેસ્ટ્રી** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા ગર્વમેન્ટ સાયન્સ કોલેજ,વાંકલના આસિ.પ્રોફેસર **ડૉ.મોરજા મયુરભાઈ ઈશ્વરભાઈ** ને પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(૧)ડૉ.મહેન્દ્રસિંહ એમ. રાજ,આચાર્યશ્રી,ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર એડવાન્સ સ્ટડીઝ એન્ડ રિસર્ચ(આઈ.એસ.ટી.એ.આર.),વલ્લભ વિધાનગર નો અહેવાલ હકારાત્મક છે.

(૨)ડૉ.સુરેશભાઈ ટી. ગાયકવાડ,પ્રોફેસર,ડિપાર્મેન્ટ ઓફ કેમેસ્ટ્રી,ડૉ.બાબાસાહેબ આંબેડકર મરાઠવાડા યુનિવર્સિટી,ઔરંગાબાદનોઅહેવાલ હકારાત્મક છે.

(૩)BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ અન્વયે માનનીય કુલપતિશ્રી એ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ છે.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ ફેકલ્ટીના કેમેસ્ટ્રી વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા ગર્વમેન્ટ સાયન્સ કોલેજ,વાંકલના આસિ.પ્રોફેસર ડૉ.મોરજા મયુરભાઈ ઈશ્વરભાઈને બંને નિણાર્યકોનો હકારાત્મક અહેવાલ ધ્યાને લઈ પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતાઆપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૧૮. **સાયન્સ** ફેકલ્ટીના **કેમેસ્ટ્રી** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા ગર્વમેન્ટ સાયન્સ કોલેજ, ચીખલીના આસિ.પ્રોફેસર **ડૉ. પટેલ સેજલકુમારી મહેન્દ્રભાઈ**ને પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(૧)ડૉ.મહેન્દ્રસિંહ એમ. રાજ,આચાર્યશ્રી,ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર એડવાન્સ સ્ટડીઝ એન્ડ રિસર્ચ(આઈ.એસ.ટી.એ.આર.),વલ્લભ વિદ્યાનગર નો અહેવાલ હકારાત્મક છે.

(૨)ડૉ.સુરેશભાઈ ટી. ગાયકવાડ,પ્રોફેસર,ડિપાર્મેન્ટ ઓફ કેમેસ્ટ્રી,ડૉ.બાબાસાહેબ આંબેડકર મરાઠવાડા યુનિવર્સિટી,ઔરંગાબાદનો અહેવાલ હકારાત્મક છે.

(૩)BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ અન્વયે માનનીય કુલપતિશ્રી એ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ છે.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ ફેકલ્ટીના કેમેસ્ટ્રી વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા ગર્વમેન્ટ સાયન્સ કોલેજ, ચીખલીના આસિ.પ્રોફેસર ડૉ. પટેલ સેજલકુમારી મહેન્દ્રભાઈને બંને નિણાર્યકોનો હકારાત્મક અહેવાલ ધ્યાને લઈ પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતાઆપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૧૯. **કોમર્સ** ફેકલ્ટીના **કોમર્સ/એકાઉન્ટન્સી** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા એસ.ડી.જૈન ઈન્ટરનેશનલ કોલેજ,વેસુ,સુરતના આસિ.પ્રોફેસર **ડૉ.નારંગ દિનેશકુમાર ઓમપ્રકાશ**ને પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(૧)ડૉ.ફાલ્ગુની સી.શાસ્ત્રી,આચાર્યશ્રી,જસાણી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,રાજકોટ નો અહેવાલ હકારાત્મક છે.

(૨)ડૉ.જે.આર. પટેલ,પી.ડી.પંડયા મહિલા કોમર્સ કોલેજ,ધોડાસર,અમદાવાદનો અહેવાલ હકારાત્મક છે.

(૩)BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ અન્વયે માનનીય કુલપતિશ્રી એ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ છે.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કોમર્સ ફેકલ્ટીના કોમર્સ/એકાઉન્ટન્સી વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા એસ.ડી.જૈન ઈન્ટરનેશનલ કોલેજ,વેસુ, સુરતના આસિ.પ્રોફેસર ડૉ.નારંગ દિનેશકુમાર ઓમપ્રકાશને બંને નિણાર્યકોનો હકારાત્મક અહેવાલ ધ્યાને લઈ પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૨૦. **વિદ્યાર્થીની Singh Falguni Koushal એ Chhatrapati Shahu ji Maharaj University થી એસ.વાય.બી.એ. ની પરીક્ષા વર્ષ–૨૦૧૬ માં પાસ કરેલ છે. અને ટી.વાય.બી.એ. વર્ષ–૨૦૧૭ માં ફેઈલ છે. હવે આ યુનિવર્સિટીમાં B.A. (Sem.5) (Hindi) માં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માં પ્રવેશ લેવા માંગે છે. વિદ્યાર્થીનીની માર્કશીટમાં ક્રેડીટ સ્ટ્રકચર પ્રમાણે કોર્ષ નથી.**

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીના અભિપ્રાય અનુસાર સદર વિદ્યાર્થીએ બી.એ. સેમેસ્ટર–૫ માં હિન્દી વિષયમાં પ્રવેશ મેળવવા બી.એ. સેમેસ્ટર–૧, ૨, ૩, ૪ ના ફરજિયાત ભાષાના પ્રશ્નપત્રોની પરીક્ષા પાસ કરવી પડે. તેમજ બી.એ. સેમેસ્ટર–૩ નું હિન્દી પેપર–૭ અને બી.એ. સેમેસ્ટર–૪ નું હિન્દી પેપર – ૧૦ પાસ કરવું પડે. નિયમ મુજબ સેમેસ્ટર–૧, ૨ પાસ કર્યા વિના સેમેસ્ટર–૫ માં પ્રવેશ આપી શકાય નહિ. તો સદર વિદ્યાર્થીને પ્રવેશ આપવા શું કરવું તે અંગે ફેરવિચારણા કરવા આગામી એકેડેમિક કાઉન્સિલમાં રજૂ કરવા ભલામણ કરેલ હોય તે અંગે વિચારણા કરવા બાબત.

(એકેડેમિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર વિદ્યાર્થીને સેમે.–૫ માં પ્રવેશ આપી શકાય નહી. પરંતુ પ્રથમ સેમેસ્ટર માટે અભ્યાસ અર્થે અરજી કરી શકશે.**

૨૧. ભારત સરકારના Ministry of Youth Affairs & Sports ના National Service Scheme, Directorate (Gujarat, UT of Daman Diu & Dadra Nagar Haveli) ના આસિસ્ટન્ટ પ્રોગ્રામ એડવાઈઝરના તા.૧૮–૦૫–૨૦૨૩ના પત્રાંકઃF.No.P-1/2023/NSS/GUJ/અન્વયે UGCની Guidelines of curriculum development framework અંતર્ગત Experiential Learning Programme ની Internship નો Pilot basis પર સ્નાતક કક્ષાએ સેમેસ્ટર ૩ અને ૫ ના વિદ્યાર્થીઓને જૂનના પહેલા અઠવાડિયાથી અને ૪૫ દિવસ માટે National Service Scheme (NSS) volunteers/ students ને ભાગ લેવા અંગેના પત્ર પર વિચારણા કરવા બાબત.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ભારત સરકારના Ministry of Youth Affairs & Sports ના National Service Scheme, Directorate (Gujarat, UT of Daman Diu & Dadra Nagar Haveli) ના આસિસ્ટન્ટ પ્રોગ્રામ એડવાઈઝરના તા.૧૮–૦૫–૨૦૨૩ના પત્રાંકઃF.No.P-1/2023/NSS/GUJ/અન્વયે UGCની Guidelines of curriculum development framework અંતર્ગત Experiential Learning Programme ની Internship નો Pilot basis પર સ્નાતક કક્ષાએ સેમેસ્ટર ૩ અને ૫ ના વિદ્યાર્થીઓને જૂનના પહેલા અઠવાડિયાથી અને ૪૫ દિવસ માટે National Service Scheme (NSS) volunteers/ students ને ભાગ લેવા અંગેના પત્રનો સૈધ્ધાંતિક સ્વીકાર કરી ક્રેડીટની ફાળવણી અંગે સમિતિની નિયૂકતિ કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે. તથા સમિતિનો અહેવાલ એકેડેમિક કાઉન્સિલમાં રજૂ કરવો.**

૨૨. યુનિવર્સિટી સંલગ્ન વિદ્યાવિહાર કેળવણી મંડળ સંચાલિત સ્વામી વિવેકાનંદ M.S.W. કોલેજ, વલસાડના આચાર્યશ્રીએ તા.૦૮/૧૨/૨૦૨૧ના પત્રથી એડવાન્સ ડીપ્લોમાં કોર્ષ શરૂ કરવાની દરખાસ્ત અંગે એકેડેમિક કાઉન્સિલનાં તા.૧૨/૦૧/૨૦૨૨ ની સભાના ઠરાવ ક્રમાંક (૦૩) અન્વયે સદર કોર્ષને મંજુરી આપવામાં આવેલ છે. પરંતુ મલ્ટી ડીસીપ્લીનરી કાઉન્સિલ કમિટી દ્વારા તા.૦૭/૧૦/૨૦૨૨ ની સભાના ઠરાવ ક્રમાંક (૦૯) અન્વયે મેડીકલ કોર્ષ માટે સ્થળ તપાસ નિયુકિત કરેલ સભ્યોએ સ્થળ તપાસ કરી સમિતિ દ્વારા તૈયાર કરેલ અહેવાલ સદર કોલેજ દ્વારા યુનિવર્સિટીના કાર્યાલયમાં તા.૧૭/૦૬/૨૦૨૩ થી જમા કરાવેલ છે. જેના ઉપર વિચારણા કરવા બાબત.

કોલેજનું નામ	કોર્ષનું નામ	કોર્ષ ક્રેડિટ	સમય Hours	ઈન્ટેક	રકમ
Swami Vivekanand M.S.W. College, Valsad	Diploma in Health Sanitary Inspector	40	480 Hours	240	30,000 /-

- **સદર કોલેજમાં ચાલતા** Diploma in Health Sanitary Inspector **કોર્ષને એડવાન્સ તરીકે મંજુરી મળેલી છે. તો સદર કોર્ષનું નામ** Advanced Diploma in Health Sanitary Inspector **સુધારી સદર કોલેજને જાણ કરીએ.**

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાવિહાર કેળવણી મંડળ સંચાલિત સ્વામી વિવેકાનંદ M.S.W. કોલેજ, વલસાડને " Advanced Diploma in Health Sanitary Inspector " સર્ટીફીકેટ કોર્સ શરૂ કરવા સંદર્ભે ઓર્ડિનન્સ–188 અનુસાર પુનઃ દરખાસ્ત રજૂ કરવા જણાવવું.**

૨૩. એસ. ડી.જે. ઈન્ટરનેશનલ કોલેજ, પલસાણામાં નીચે મુજબના સર્ટીફિકેટ કોર્સ શરૂ કરવા માટે SOP મુજબ કરેલ દરખાસ્ત પર એકેડેમિક કાઉન્સિલના તા.૨૩–૦૬–૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંક (૪) અન્વયે Fundamental of Volleyball સંદર્ભે સંસ્થાને યોગ્ય સ્વરૂપે પુનઃ દરખાસ્ત કરવા જણાવેલ હોય સંસ્થાએ તેમના ૦૪–૦૭–૨૦૨૩ ના પત્રક્રમાંકઃ SDJICP/૨૦૨૩–૨૪/૦૦૯ થી પુનઃદરખાસ્ત કરેલ છે જે પર વિચારણા કરવા બાબત.

College Name	Course Name	Type of Course	Credit	Time	Intake	Fees
SDJ International College, Palsana	Plyometric Training for Volleyball	AEC	2	30 Hours	100	1500/-

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** ડી. આર. પટેલ એન્ડ આર. બી. પટેલ કોમર્સ કોલેજ એન્ડ ભાનીબેન છીમકાભાઈ પટેલ બી.બી.એ. કોલેજ, સુરતને **ઉપરોકત મુજબના સર્ટીફીકેટ કોર્સ શરૂ કરવા ઓર્ડિનન્સ–188 નું પરિપાલન કરવાની શરતે મંજૂરી આપવામાં આવે છે.**

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત અભ્યાસક્રમમાં ઈન્ટેક/બેચ સાઈઝ ઓર્ડિનન્સ–188 અનુસાર રાખવાની રહેશે.તથા સદર સર્ટીફીકેટ કોર્સને VAC માં સમાવેશ કરવાનો રહેશે.

૨૪. NEP-2020 અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર BSW Programme નું સુધારેલ સ્ટ્રકચર BSW Programme ની નિયુકત એડહોક વિષયની અભ્યાસ સમિતિના કન્વીનરશ્રીએ બોર્ડવતી અને વિનયન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખાવતી વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

(સેનેટ/સિન્ડકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર NEP-2020 અનુસાર BSW Programme નું સુધારેલ સ્ટ્રકચર BSW Programme ની નિયુકત એડહોક વિષયની અભ્યાસ સમિતિના કન્વીનરશ્રીએ બોર્ડવતી અને વિનયન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખાવતી વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી BSW Programme નું સ્ટ્રકચર મંજૂર કરવામાં આવે છે.**

૨૫. <u>આર્ટસ</u> ફેકલ્ટીના <u>ગુજરાતી</u> વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા **જે.એમ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,જંબુસર**ના એસોસિયેટ પ્રોફેસર **ડૉ.મહેન્દ્રકુમાર રણછોડભાઈ પટેલ**ની અરજી અવલોકનમાં લેતા તા.૨૨–૦૬–૨૦૨૩ ના પત્ર ક્રમાંક :જોડાણ/માન્યતા/૧૫૫૫૧/૨૦૨૩ના રોજથી અરજીકર્તા એસો.પ્રોફેસર તરીકે માન્યતાનો પત્ર મેળવેલ હોય, ઓર્ડિનન્સ ૧૦૮ (બી) ની જોગવાઈ મુજબ પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા અંગે **આર્ટસ** ફેકલ્ટીના ડીનશ્રી દ્વારા નીચે મુજબનો અભિપ્રાય આપેલ છે. જે અવલોકને લઈ પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

<u>ડીનશ્રીનો અભિપ્રાય</u> : એસોસિયેટ પ્રોફેસર તરીકેની યુનિવર્સિટીની માન્યતા મેળવી અત્રે રજુ કરવા જણાવીએ અને પત્ર રજુ કર્યેથી સુપરવાઈઝર ટીચર માટેની માન્યતા માટે બી.યુ.ટી. સમક્ષ રજુ કરવા ભલામણ છે.

<u>Ord.108 :- 1(b)</u>

A full time, regular Professor in a university department, with at least five research publications in a referred journal, published after the completion of his / her Ph.D. programme; and an Associate Professor in a university department / a Principal in a college/ an Associate Professor in a college with at least two research publications in a referred journal, shall be recognized as Research Supervisors for the degree of Ph.D. by virtue of his / her said designations without being subjected to any formal process of scrutiny and recognition.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** <u>આર્ટસ</u> ફેકલ્ટીના <u>ગુજરાતી</u> વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા **જે.એમ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,જંબુસર**ના એસોસિયેટ પ્રોફેસર **ડૉ.મહેન્દ્રકુમાર રણછોડભાઈ પટેલને ડીનશ્રીના અભિપ્રાય અંતર્ગત પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૨૬. **સાયન્સ** ફેકલ્ટીના **બોટની** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ, ધરમપુર,વલસાડના આસિ.પ્રોફેસર **ડૉ.પટેલ હાર્વિકુમારી અરવિંદભાઈ**ને પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(૧)ડૉ. કલ્પેશ ડી. શોરઠીયા, એસો.પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ બોટની, તોલાની કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, આદીપુર(કચ્છ) નો અહેવાલ હકારાત્મક છે.

(૨)ડૉ. વિનોદ ડી. દેવાકર,હેડ એન્ડ રીસર્ચ ગાઈડ, ડિપાર્ટમેન્ટ ઓફ બોટની,એસ.સી.એસ.કોલેજ, ઓમરેગાના નો અહેવાલ હકારાત્મક છે.

(૩)BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ અન્વયે માનનીય કુલપતિશ્રી એ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ છે.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ ફેકલ્ટીના બોટની વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ, ધરમપુર, વલસાડના આસિ.પ્રોફેસર ડૉ.પટેલ હાર્વિકુમારી અરવિંદભાઈને બંને નિષ્ણાર્યકોનો હકારાત્મક અહેવાલ ધ્યાને લઈ પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતાઆપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૨૭. **સાયન્સ** ફેકલ્ટીના **કેમેસ્ટ્રી** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા ગર્વમેન્ટ સાયન્સ કોલેજ,ચિખલીના આસિ.પ્રોફેસર **ડૉ.ખત્રી તસ્લીમઅહેમદ તાલબ**ને પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(૧)ડૉ. આર.સી.ટંડેલ,પ્રોફેસર ઈન અપ્લાઈડ કેમેસ્ટ્રી,ધ એમ. એસ. યુનિવર્સિટી ઓફ બરોડા,વડોદરા નો અહેવાલ હકારાત્મક છે.

(૨)ડૉ. સતિષ પરદેશી,સિનીયર પ્રોફેસર,સાવિત્રીબાઈ ફુલે પુને યુનિવર્સિટી,પુનાનોઅહેવાલ હકારાત્મક છે.

(૩)BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ અન્વયે માનનીય કુલપતિશ્રી એ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ છે.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ ફેકલ્ટીના કેમેસ્ટ્રી વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા ગર્વમેન્ટ સાયન્સ કોલેજ,ચિખલીના આસિ.પ્રોફેસર ડૉ.ખત્રી તસ્લીમઅહેમદ તાલબને બંને નિષ્ણાર્યકોનો હકારાત્મક અહેવાલ ધ્યાને લઈ પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતાઆપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૨૮. **સાયન્સ** ફેકલ્ટીના **કેમેસ્ટ્રી** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા એન.કે.દેસાઈ સાયન્સ કોલેજ,વલસાડના આસિ.પ્રોફેસર **ડૉ.પરમાર તપનસિંહ વીરસિંહ** ને પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(૧)ડૉ. જે. આર. શુકલા,આચાર્યશ્રી,શેઠ એલ. એચ. સાયન્સ કોલેજ,માનસા નો અહેવાલ હકારાત્મક છે.

(૨)ડૉ. સતિષ પરદેશી,સિનીયર પ્રોફેસર,સાવિત્રીબાઈ ફુલે પુને યુનિવર્સિટી,પુનાનોઅહેવાલ હકારાત્મક છે.

(૩)BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ અન્વયે માનનીય કુલપતિશ્રી એ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ છે.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ ફેકલ્ટીના કેમેસ્ટ્રી વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા એન.કે.દેસાઈ સાયન્સ કોલેજ,વલસાડના આસિ.પ્રોફેસર ડા.પરમાર તપનસિંહ વીરસિંહને બંને નિણાર્યકોનો હકારાત્મક અહેવાલ ધ્યાને લઈ પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૨૯. અમદાવાદી ચાંદની દિપેશકુમાર દ્વારા તા. ૨૯-૦૫-૨૦૨૩ના અરજી પત્રથી તેઓએ જુલાઈ-૨૦૨૨માં એમ. કોમ (External) (Finacial & Management Accountancy)માં પાસ કરેલ છે અને હાલ (૧) સેઠ સી. ડી. બરફીવાળા કોલેજ ઓફ કોમર્સે (૨) કે. પી. કોલેજ ઓફ કોમર્સ સુરત (૩) ઝેડ એફ વાડિયા વુમન્સ કોલેજ સુરત ખાતે એમ. કોમ (Regular) (Finacial & Management Accountancy) માં ટ્રાન્સફર કરી આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

નોંધ: (૧) યુનિવર્સિટી કાર્યાલયનાં તા.૧૦-૦૪-૨૦૨૧ના પત્રાંક: એકેડમિક/પીજી/૭૮૬૯/૨૦૨૧ થી સિન્ડીકેટની તા.૦૯-૦૬-૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક: (૩૧)ની માર્ગદર્શિકાની ક્રમાંક: (૯)ની જોગવાઈ મુજબ (External) અભ્યાસક્રમમાંથી (Regular) અભ્યાસક્રમમાં ટ્રાન્સફર આપી શકાતી હોય પરંતુ (External) અભ્યાસક્રમમની રિજલ્ટ સિસ્ટમ ક્રેડિટ વગરની હોય, આવા સમાન કિસ્સામાં અત્રેના કાર્યાલયની તા. ૧૨-૦૫-૨૦૨૨ની નોંધ પર મળેલ આદેશ મુજબ સદર બાબત (External) અભ્યાસક્રમની તા. ૨૦-૦૫-૨૦૨૨ ના રોજ મળેલ સભા સમક્ષ રજૂ કરવામાં આવેલ હોય, જેમાં આવા ઉપર મુજબ સમાન કિસ્સાઓ માટે નીચે મુજબ ઠરાવેલ છે.

એસ્ટર્નલ અભ્યાસક્રમની સમિતિની તા. ૨૦-૦૫-૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંક: (૪) થી " પાટીલ ભૂમિકા કમલેશભાઈ એમ. કોમ. પાર્ટ-૧ એસ્ટર્નલ (Statistics)વિષયમાં તમામ પેપરમાં પાસ થયા બાદ જ અને સર. કે. પી કોલજ ઓફ કોમર્સ, સુરત ખાતેના એમ. કોમ. સેમેસ્ટર-૩ (Statistics) વિષયમાં જગ્યા હોઈ તો જ પ્રવેશ આપી શકાશે. સદર બાબત આવા તમામ કિસ્સાઓમાં લાગુ પડશે" એમ ઠરાવેલ હોય, સદર એસ્ટર્નલ અભ્યાસક્રમની સમિતિની ભલામણને એકેડેમિક કાઉન્સિલની તા. ૦૨-૦૬-૨૦૨૨ ની સભાના ઠરાવ ક્રમાંક: (૨૧) થી સ્વીકારી મંજૂર કરવામાં આવેલ છે.અને તે મુજબ આવા સમાન કિસ્સામાં ગત વર્ષ તેમજ આ વર્ષમાં પણ (External) અભ્યાસક્રમમાંથી (Regular) અભ્યાસક્રમમાં ટ્રાન્સફર આપી પ્રવેશ આપવામાં આવેલ છે.

(૨) **બાહ્ય અભ્યાસક્રમના પરીક્ષાર્થી માટે અકેડેમિક કાઉન્સિલની તેમની તા.07-06-2023ની સભાએ ઠરાવ ક્રમાંક: 39થી નીચે મુજબ ઠરાવેલ છે.**

એકેડેમિક કાઉન્સિલની તા. 07-06-2023 ની સભાનો ઠરાવ ક્રમાંક:(39)

:: આથી ઠરાવવામાં આવે છે કે, અત્રેની યુનિવર્સિટી (વિદેશી યુનિવર્સિટી સહિત)માંથી બાહ્ય અભ્યાસક્રમની પ્રથમ વર્ષની પરીક્ષા પાસ કરી પરીક્ષાર્થી આપણી યુનિવર્સિટીમાં રેગ્યુલર કોલેજમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તો ક્રેડિટ અથવા અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી સેમેસ્ટર-૩ માં જ પ્રવેશ આપી શકાશે અને અત્રેની કે અન્ય યુનિવર્સિટી (વિદેશની યુનિવર્સિટી સહિત)માંથી રેગ્યુલર અભ્યાસક્રમના પ્રથમ અને દ્વિતીય સેમેસ્ટરની પરીક્ષા પાસ કરી પરીક્ષાર્થી આપણી યુનિવર્સિટીમાં બાહ્ય અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તો ક્રેડિટ અથવા અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી દ્વિતીય વર્ષમાં જ પ્રવેશ આપી શકાશે.

(અનુસ્નાતક વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૦૭/૦૬/૨૦૨૩ સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩૯ મુજબ કાર્યવાહી કરવી અને જે તે વિભાગ/કોલેજમાં ઈન્ટેકની મર્યાદામાં સેમેસ્ટર–૩ માં મેરીટ અનુસાર પ્રવેશ આપી શકાશે. તથા એકેડેમિક કાઉન્સિલની તા.૨૩/૦૬/૨૦૨૩ સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૮ મુજબ પરિણામ જાહેર કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આવા સમાન કિસ્સાઓમાં સદર ઠરાવ અનુસાર ઉપરોકત મુજબ કાર્યવાહી કરવી.

૩૦. ચતુર્વેદી રવિના કમલેશભાઈ દ્વારા તા. ૨૨/૦૬/૨૦૨૩ના અરજી પત્રથી તેઓ એમ.એ.(અગ્રેજી) (External) પાર્ટ-૧ ની માર્ચ-૨૦૨૩માં પરીક્ષા પાસ કરી હોય એમ.એ.(અગ્રેજી)સેમેસ્ટર-૩ (રેગ્યુલર)માં વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધારપુર, વલસાડ.માં પ્રવેશ મેળવવા અંગે કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

નોંધ: (૧) કાર્યાલયની એક્ષ્ટર્નલમાં થી રેગ્યુલરમાં પ્રવેશ મેળવવા અંગેની અન્ય વિદ્યાર્થીની અરજી તા.૧૦-૦૫-૨૦૨૨ની નોંધપર એમ.એ.અભ્યાસક્રમ માટે એક્ષ્ટર્નલ અભ્યાસક્રમની તા.૨૦-૦૫-૨૦૨૨ના રોજ મળનાર સભા સમક્ષ રજુ કરવા આદેસ મળેલ હતો.

